# ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી

## સ્નાતક અને અનુસ્નાતક કોર્ષમાં એડમીશન સંબંધી નિયમો

### ૧. <u>અનામત સંબંધી ધોરણ</u>

| ક્રમ | કેટેગરી | ટકાવારી |
|---|---|---|
| ૧. | અનુસૂચિત જનજાતિ (એસ.ટી.) | ૧૫ ટકા |
| ૨. | અનુસૂચિત જાતિ (એસ.સી.) | ૭ ટકા |
| ૩. | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત(એસ.ઈ.બી.સી.) | ૨૭ ટકા |

આ ઉપરાંત વખતો વખત જે રીતે અનામત નીતિ નકકી થાય તેની ટકાવારી પણ ધ્યાનમાં લેવાની છે, તેમ છતાં એસ.સી., એસ.ટી. અને એસ.ઈ.બી.સી. કેટેગરી સિવાયના અનામતની ટકાવારી સહિત કુલ અનામત ટકાવારી ૪૯ ટકાથી વધવી ન જોઈએ. સા. શૈ. ૫. વર્ગના વિદ્યાર્થીઓ પાસે નિયમોનુસાર **<u>નોન –ક્રીમીલેયર સર્ટીફીકેટ</u>** હોય તો જ અનામતનો લાભ મળી શકશે.

### ૨. <u>અનામત વર્ગના વિદ્યાર્થીઓને ઓપન કેટેગરી લીસ્ટમાં સ્થાન આપવા વિશે</u>

તમામ કેટેગરીના વિદ્યાર્થીઓની જે કુલ અરજીઓ આવે તે પૈકી ૫૧ ટકા બિન અનામત વર્ગ સંદર્ભમાં મેરીટ યાદી તૈયાર કરતી વખતે અનામત અને બિન અનામત કેટેગરીના તમામ વિદ્યાર્થીઓને ધ્યાનમાં લેવાના રહેશે. જેમ કે કુલ ૧૦૦ અરજી પૈકી ૫૧ ઓપન કેટેગરીના મેરીટ લીસ્ટમાં એસ.સી., એસ.ટી. તેમજ અન્ય તમામ અનામત કેટેગરીને સ્થાન આપવાનું રહેશે.

### ૩. <u>ઓપન કેટેગરીમાં સ્થાન પામનાર અનામત વર્ગના વિદ્યાર્થીઓ વિશે</u>

ઓપન કેટેગરીમાં સ્થાન પામનાર એસ.સી., એસ.ટી. સહિતના અનામત વર્ગના વિદ્યાર્થીઓ જાણે સામાન્ય વર્ગના છે તેમ માનવાનું રહેશે. જેમ કે ૧૫ એસ.ટી. કેટેગરીની જગ્યા છે, કુલ ૩૦ અરજીઓ આ કેટેગરીની આવેલ છે, તેમજ ઓપન કેટેગરી મેરીટ લીસ્ટમાં કુલ ૨૧ એસ.ટી.કેટેગરીના વિદ્યાર્થીઓ નો સમાવેશ થાય છે, તો પણ એસ.ટી.કેટેગરીની કુલ ૧૫ જગ્યા ખાલી છે તેમ માનવાનું રહેશે. આ જ પ્રમાણે એસ.સી. તેમજ એસ.ઈ.બી.સી. કેટેગરીના સંદર્ભમાં ધ્યાનમાં લેવાનું રહેશે.

## ૪. <u>અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ વર્ગનું પરસ્પર રૂપાંતર</u>

જો અનુસૂચિત જાતિના વર્ગના વિદ્યાર્થીઓ ઉપલબ્ધ ન હોય તો એ સીટો અનુસૂચિત જનજાતિના વર્ગના વિદ્યાર્થીઓમાંથી ભરી શકાશે, તે જ રીતે જો અનુસૂચિત જનજાતિ વર્ગના વિદ્યાર્થીઓ ઉપલબ્ધ  ન હોય તો એ જગ્યાઓ અનુસૂચિત જાતિના વર્ગના વિદ્યાર્થીઓમાંથી ભરી શકાશે.

## ૫. <u>અનામત વર્ગની ખાલી રહેલી જગ્યાઓનું બિન અનામત (સામાન્ય ) વર્ગમાં રૂપાંતર</u>

એસ.સી. કેટેગરીના વિદ્યાર્થીઓની ખાલી રહેલ જગ્યાઓ એસ.ટી. કેટેગરીમાં તેમજ એસ.ટી. કેટેગરી ના વિદ્યાર્થીઓની ખાલી રહેલી જગ્યાઓ એસ.સી. કેટેગરીમાં રૂપાંતર કર્યા પછી પણ જો આ જગ્યાઓ ખાલી રહે તે તેમજ  એસ.ઈ.બી.સી. કેટેગરીની જે જગ્યાઓ  ખાલી રહે તે સર્વે  અનામત વર્ગની ખાલી રહેલ જગ્યાઓ ભરવા માટેની <u>*બહોળી પ્રસિધ્ધિના ઓછામાં ઓછા ત્રણ પ્રયત્નો*</u> કર્યાપછી પણ જો અનામત વર્ગની જગ્યાઓ ખાલી રહે તો કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટીની પરવાનગી લઈ ખાલી રહેલ જગ્યાઓ બિન અનામત (સામાન્ય) વર્ગના વિદ્યાર્થીઓમાંથી ભરી શકાશે.

પરંતુ આ અનામત જગ્યાઓ સામાન્ય વર્ગમાં રૂપાંતર કરવાની પરવાનગી મળી ગયા પછી પણ જો આ ખાલી રહેલ જગ્યા/જગ્યાઓના અનામત વર્ગના વિદ્યાર્થી/વિદ્યાર્થીઓ દ્વારા એડમીશન ની વિનંતી કરવામાં આવે અને એ જગ્યા/જગ્યાઓ ખાલી હોય તો સામાન્ય વર્ગમાં રૂપાંતરીત કરેલી એ જગ્યામાં પણ <u>*અનામત વર્ગના વિદ્યાર્થીઓનો અગ્રહકક રહેશે.*</u>

## ઉદાહરણ દ્વારા સમજૂતિ

ધારો કે એક કોલેજમાં કુલ ૧૦૦ સીટ છે તો ૧૫ સીટ એસ.ટી.કેટેગરીની, ૭ સીટ એસ.સી.કેટેગરીની તેમજ ૨૭ સીટ એસ.ઈ.બી.સી. કેટેગરની રહેશે, જયારે બાકીની ૫૧ સીટો સામાન્ય વર્ગની રહેશે. ધારો કે કુલ ૧૫૦ અરજીઓ આવે છે, તો આ કુલ ૧૫૦ અરજીઓને ટકાવારીના ધોરણે ( જેમ કે ૮૧, ૮૦.... તે રીતે ૪૬..)  ગોઠવી, તેમાંથી ૫૧ ક્રમમાં જે પણ કેટેગરીના વિદ્યાર્થીઓનો સમાવેશ થાય તે ઓપન કેટેગરીનું મેરીટ લીસ્ટ ગણાશે.

ધારો કે ૧૫ સીટ એસ.ટી.કેટેગરીની છે, તે પૈકી ૩૦ અરજી આવેલ છે, જે પૈકી ૧૫નો સમાવેશ ઓપન કેટેગરી માં થયો છે, તો હવે એસ.ટી.કેટેગરીની ૧૫ જગ્યાઓ ખાલી છે, એમ માનવાનું રહેશે, અને આ ૧૫ વિદ્યાર્થીઓને એસ. ટી.કેટેગરીના મેરીટ લીસ્ટમાં સ્થાન આપતા હવે આ વર્ગની જગ્યા ભરાઈ ગયેલી છે એમ ગણાશે.

ધારો કે એસ.સી.કેટેગરીની કુલ ૧૦ અરજી આવી છે, તે પૈકી ૭ વિદ્યાર્થીઓ ઓપન કેટેગરી મેરીટ લીસ્ટમાં

સ્થાન પામેલ છે, તો હવે તેમની કુલ ૭ જગ્યાઓ પૈકી આવેલી અરજી (માત્ર) ૩ છે, તેમ ગણાશે, જેમને પ્રવેશ આપતા હવે એસ.સી. કેટેગરીની ૪ જગ્યાઓ ખાલી છે, માટે એ જગ્યાઓ ભરવાના ઓછામાં ઓછા ત્રણ પ્રમાણિક પ્રયાસો કર્યા પછી પણ આ જગ્યાઓ ખાલી રહે છે, તો યુનિવર્સિટીને આ જગ્યાઓ સામાન્ય વર્ગમાં રૂપાંતર કરી આપવા દરખાસ્ત રજૂ કરવાની રહેશે.

આ જગ્યાઓ સામાન્ય વર્ગમાં રૂપાંતરીત થયા પછી પણ જો આ જગ્યાઓ ભરવાની ( ફી લેવાની ) બાકી હોય અને જો એસ.સી./એસ.ટી. કેટેગરીના વિદ્યાર્થી ઉપલબ્ધ હોય તો એ જગ્યા માટે આ *એસ.સી./એસ.ટી.કેટેગરીના વિદ્યાર્થીને અગ્રીમતા આપવાની રહેશે.*

## ૬. યુનિવર્સિટી વાઈઝ બાયફરકેશન

કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટીના સ્નાતકો પૈકી ૯૦ ટકા સીટો, ગુજરાત રાજ્યની અન્ય યુનિવર્સિટીના સ્નાતકો પૈકી ૮ ટકા સીટો તેમજ ગુજરાત રાજય સિવાયની ભારતની અન્ય યુનિવર્સિટીના સ્નાતકો પૈકી ૨ ટકા સીટો મુજબ મેરીટ યાદી તૈયાર કરવાની રહેશે. યુનિવર્સિટી વાઈઝ બાયફરકેશન કર્યા બાદ પણ જો જરૂરી જણાય તો આ એડમીશનના નીયમો ક્રમ(૧) થી ક્રમ (૫)ને અનુંસરી યુનિવર્સિટી વાઈઝ બાયફરકેશન કરી શકાશે.

જેમ કે કોઈ ફેકલ્ટીમાં કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટીના વિદ્યાર્થીઅ પૈકી ૯૦ ટકા જગ્યાઓ ભરી શકાય તેટલી અરજીઓ પ્રાપ્ય ન થાય તો આ નિયમ (૫) મુજબ કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટીની પરવાનગી લઈ ગુજરાત રાજયની અન્ય યુનિવર્સિટીઓની આવેલી અરજીઓ પૈકી જગ્યા ભરી શકાશે.

### ખુલાસો

નિયમ(૬) મુજબ યુનિવર્સિટી વાઈઝ બાયફરકેશન અંગે કાંઈપણ ફેરફાર કરવા હોય તો આ યુનિવર્સિટીની એક વર્ષ પહેલા પરવાનગી લીધા પછી જ કરી શકાશે. જેમ કે, ગુજરાત રાજયની યુનિવર્સિટીઓ (આ યુનિવર્સિટી સહિત) ની ૯૫ ટકા અને અન્ય યુનિવર્સિટીઓની ૫ ટકા સીટો ફાળવવાની જરૂરિયાત જણાય તો આ યુનિવર્સિટીની પરવાનગી લઈ પછી જ ફેરફાર કરી શકાશે.

## ૭. ગ્રાન્ટ ઈન એઈડ અને સેલ્ફ ફાયનાન્સ કોર્ષ બંને સાથે ચાલતા હોય તેવા વિભાગો/ડીવીઝનની સીટો ફેરબદલી વિશે

કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી સંલગ્ન કોલેજો અને યુનિવર્સિટીના વિભાગો કે જેમાં કોઈ કોર્ષ ગ્રાન્ટ ઈન એઈડ તરીકે તેમજ અન્ય ડીવીઝન સેલ્ફ ફાયનાન્સ રીતે ચલાવવાની મંજૂરી આપવામાં આવી હોય, ત્યાં આ એડમીશન નીયમના ક્રમ(૧) થી (૬)નું ચૂસ્તપણે પાલન કર્યા પછી જ જો ગ્રાન્ટ ઈન એઈડમાં કોઈ જગ્યાઓ ખાલી રહેલ હોય તો મેરીટના ધોરણે સેલ્ફ ફાયનાન્સમાંથી ગ્રાન્ટ ઈન એઈડમાં તબદીલ કરવાની રહેશે. આ પ્રક્રિયા પ્રવેશ કાર્યવાહી દરમિયાન જ ફરજિયાત પૂરી કરી લેવાની રહેશે.

## ૮. કેટેગરી વાઈઝ, યુનિવર્સિટી વાઈઝ અને ગ્રાન્ટ ઈન એઈડ તેમજ સેલ્ફ ફાયનાન્સ કોર્ષમાં સીટોના પરસ્પર રૂપાંતરની દરખાસ્ત વિશે

આ અંગેની સીટોના રૂપાંતરની એક દરખાસ્ત ફાઈલ **એસ.સી. – એસ.ટી. સેલ, કચ્છ યુનિવર્સિટી**ને રજૂ કરી તેમાં નીચેની બાબતો સામેલ રાખવી :

૧. કોલેજ કે ડીપાર્ટમેન્ટના મંજૂર થયેલ ડીવીઝનના આધાર.
૨. પ્રવેશ જાહેરાત સંબંધી વિગતો આધાર સાથે ( ૨ નકલમાં).
૩. તમામ મેરીટ યાદીઓ ( ૧ સીડી અને ૨ નકલ હાર્ડકોપીમાં).
૪. દરેક કેટેગરીની જગ્યાઓ માટે બહોળી પ્રસિધ્ધિ માટે કરેલા પ્રયત્નો આધાર સાથે( ૨ નકલમાં).
૫. કઈ કેટેગરીમાં કેટલી જગ્યાઓ રૂપાંતરિત કરવાની છે તેની વિગતો.

## ૯.નિયમોના ભંગ બદલ કાર્યવાહી

યુ.જી.સી., લાગુ પડતી કાઉન્સીલ તેમજ કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટીના નિયમોનુસાર જો એડમિશન કાર્યવાહી નહીં કરવામાં આવે તે સંસ્થા/કોલેજ/ડીપાર્ટમેન્ટ સામે નિયમોનુસાર પગલા લેવામાં આવશે.

## ૧૦. એડમીશનના નિયમોના અર્થઘટન વિશે

આ એડમિશન નિયમોમાં જો કોઈ અર્થઘટન સંબંધી પ્રશ્ન ઉપસ્થિત થાય તો કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટીના **કુલપતિશ્રીનો નિર્ણય આખરી ગણાશે.**

**આ નિયમોનું ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો, અનુસ્નાતક કેન્દ્રો અને અનુસ્નાતક ભવનો એ ફરજિયાત ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.**